# રણજિતસિંહની આંખો

શરતનારાયણ બેહેરા



GJ
028.5
B 395 R

GJ
028.5
B 395 R

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# રણજિતસિંહની આંખો

લેખક
શરતનારાયણ બેહેરા

અનુવાદિકા
રેણુકા સોની

સાહિત્ય અકાદેમી

Ranjitsinhani Aankho (रणजीतसिंहनी आंखो):
Gujarati Translation By Renuka Soni of
Sharat Narayan Behera's Oriya Short stroies for children
Sahitya Akademi, New Delhi (1998), Rupees Thirty.

© Sahitya Akademi

First Edition 1998

GJ
028.5
B 395 R
Library IIAS, Shimla
GJ 028.5 B 395 R
00116896

**Published by :**

Sahitya Akademi

**Head Office :**

Rabindra Bhavan, 35 Ferozeshah Road, New Delhi 110 001.

**Sales Department :**

Basement in 'Swati', Mandir Marg, New Delhi 110 001.

**Regional Offices :**

172, M.M.G.S. Marg, Dadar(East), Mumbai 400 014.
Jeevan Tara, 23A/44X, Diamond Harbour Road, Calcutta 700 053.
Guna, 304-305 Anna Salai, Teynampet, Chennai, 600 018.
ADA Rangamandira, 109 J.C.Road, Bangalore 560 002.

ISBN 81-260-0444-4

કિંમત : રૂ. 30

**Printed by :**

Kalpan Mudrankan
Polytechnic
Vadodara - 390 002

Indian Institute of Advanced Study
116896...
8/12/04
SHIMLA

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | રણજિતસિંહની આંખો | 5 |
| 2 | મા | 10 |
| 3 | પૂર્ણબંધમાં માછલીનો ઉછેર | 15 |
| 4 | ઇંજેક્શન | 21 |
| 5 | ખૈડુદાદા | 25 |
| 6 | સાહેબ દીકરો | 30 |
| 7 | ગુરુદક્ષિણા | 35 |

1

## રણજિતસિંહની આંખો

૧૮૩૧ની સાલની વાત છે. ત્યારે દેશમાં અંગ્રેજોનું રાજ હતું. લૉર્ડ વિલિયમ બેન્ટિક ત્યારે ભારતના વડા લાટ સાહેબ હતા.



એમને જ્યારે ખબર પડી કે પંજાબકેસરી રાજા રણજિતસિંહને એક જ આંખ છે ત્યારે એ નવાઈ પામ્યા કે જે માણસ એક આંખના જોરે આખા પંજાબપર સત્તા સ્થાપી શક્યો અને કાશ્મીર જીતી શક્યો તેને જો બે આંખો હોત તો?

'બાપ રે બાપ! આવા વીરને હરાવવો એ ઘણું અઘરું કામ!' લાટસાહેબ મનમાં બોલ્યા.

મહારાજા રણજિતસિંહ જાતે ચુસ્ત શીખ હતા.



એમણે બધા જ ધર્મના લોકોને પોતાના પ્રધાન બનાવ્યા હતા. વિદેશ વિભાગના પ્રધાન ફકીર અજીમુદ્દીન એક મુસલમાન હતા.

એક વખત ફકીર અજીમુદ્દીનને સિમલા જવાનું થયું. લાટ સાહેબ ત્યારે સિમલા રહેતા હતા. ફકીર તેમને મળ્યા.

લૉર્ડ બેન્ટિક ફકીર અજીમુદ્દીનને મળ્યા કે તરત જ તેમને મહારાજા રણજિતસિંહની એક આંખની વાત યાદ આવી ગઈ.

તેમણે પૂછ્યું – 'મિયાંજી, તમે તો મહારાજાના વિદેશમંત્રી છો. હંમેશાં મહારાજાની નજીક રહો છો. તો મહેરબાની કરી મને કહો કે રણજિતસિંહની કઈ આંખ સારી છે ? ડાબી કે જમણી ? મને જરી આ જાણવાનું કુતૂહલ છે.'

ફકીર અજીમુદ્દીન રણજિતસિંહને પોતાના પિતા જેટલું માન આપતા હતા. લાટ સાહેબનો સવાલ તેમને ગમ્યો નહિ. તેમણે લાટ સાહેબને જડબાતોડ જવાબ આપવાનું નક્કી કર્યું.



એ હસતાંહસતાં બોલ્યા – 'સાહેબ, સૂરજદેવતાની વાત તો તમે સાંભળી હશે. સૂરજદેવને પણ એક જ આંખ છે. આપ હવે વિચારો !

જો સૂરજદેવને બે આંખો હોત તો આપણી શી દશા થાત? સૂરજની એક આંખનું તેજ આવું છે, તો બે આંખોના તેજથી આ પૃથ્વી બળીને ખાખ થઈ ગઈ હોત ને?'

લાટ સાહેબ આભા બની ફકીરની વાત સાંભળતા હતા. ફકીરે આગળ ચલાવ્યું – 'મહારાજા રણજિતસિંહ તો સૂરજદેવ જેવા છે. સૂરજ સામે જેમ કોઈ નજર માંડી જોઈ શકે નહિ, તેમ હું પણ મહારાજાના મોં સામે જોઈ શકતો નથી. હું હમેશાં એમના પગ તરફ જ જોઉં છું.

એટલે સાહેબ, આપ જો મહારાજાના પગ કેવા છે તે પૂછો તો હું તરત જ તેનો જવાબ દઈ શકીશ!'

ફકીર અજીમુદ્દીનના મોંએથી મહારાજાનાં આવાં વખાણ સાંભળી લાટ સાહેબ ખુશ થયા. તેમણે પોતાના પૉકેટમાંથી સોનાનું ઘડિયાળ કાઢી તેમને ભેટ દઈ દીધું.

એક દિવસની વાત છે.

રામપુરનો એક મુસલમાન પોતાના હાથે લખેલો પવિત્ર કુરાન ગ્રંથ લઈ મહારાજાના દરબારમાં પહોંચ્યો.

તેણે કહ્યું : 'મહારાજ, ખૂબ મહેનત કરીને મેં આ કુરાન ગ્રંથની નકલ કરી છે. એ વેચવા માટે હું રામપુર, લખનૌ, હૈદરાબાદ વગેરે અનેક જગાએ ફર્યો છું, પણ કોઈ મને એના દશ હજાર રૂપિયા દેવા તૈયાર નથી. છેલ્લે મારું નસીબ અજમાવવા અહીં આવ્યો છું. શી ખબર, ખુદાએ મારા નસીબમાં શું લખ્યું છે.'

આ માણસની વાત સાંભળતાં જ મહારાજા રણજિતસિંહ સિંહાસન પરથી ઊઠ્યા. તેમણે પવિત્ર કુરાનને નમનપૂર્વક ચુંબન કરી સન્માન આપ્યું. પછી પાસે બેઠેલા નાણાંપ્રધાનને આદેશ આપ્યો – 'આમને દશ હજાર રૂપિયા ગણી દો.'

વિદેશપ્રધાન ફકીર અજીમુદ્દીન પાસે બેસીને આ વાત ચૂપચાપ સાંભળતા હતા.



માણસ દશ હજાર રૂપિયા લઈને ગયો તે પછી તેમણે મહારાજને પૂછ્યું. – 'મહારાજ, દશ હજાર રૂપિયામાં આ કુરાન ખરીદવા કોઈ પણ મુસલમાન રાજા તૈયાર થયો નહિ અને આપ શીખ હોવા છતાં એને આનંદથી ખરીદી લીધું તેનું શું કારણ?'

પંજાબકેસરી મહારાજા રણજિતસિંહે કહ્યું : 'ફકીર, મને લાગે છે કે કદાચ ભગવાનની પણ એવી ઈચ્છા હશે! માટે જ તેણે બીજાઓને બે અને મને માત્ર એક આંખ આપી છે – જેથી હું શીખ હોવા છતાં પણ બધા જ ધર્મોને એક આંખે સમાન ભાવે જોઈ શકું!'

□

## 2

## મા

દુકાલુ જે દિવસે મૅટ્રિકમાં પાસ થયો તે દિવસે હજારુ માથે હાથ દઈ બેઠો.

તેને ચિંતા થઈ કે આજ સુધી દુકાલુ ગામમાં ને ગામમાં અને ઘેર રહી, બટકું ખાઈને ભણતો હતો; હવે એ કૉલેજમાં આવ્યો એટલે એણે શહેરમાં જઈ ભણવું પડવાનું. મહિનેમહિને તેને ખર્ચ માટે રૂપિયા મોકલવા પડશે. બે વીઘાં જમીન પર મજૂરી કરી ભાઈને ખર્ચ માટે એટલા રૂપિયા કેવી રીત મોકલી શકાશે?

ત્યારે હવે દુકાલુ શું કૉલેજ નહિ કરી શકે?

હજારુએ તે રાતે પત્નીને દિલની વાત કહી – 'દુકાલુને કૉલેજમાં ભણાવવાની મને ઘણી હોંશ હતી. મારે એને મોટો સાહેબ બનાવવો હતો. પણ હવે લાગે છે એ નહિ બને.'

બોલતાંબોલતાં હજારુની આંખમાં આંસુ આવી ગયાં.

હજારુની પત્ની ગુરુવારીએ પતિને સમજાવ્યો – 'તમે શા માટે આવી ચિંતા કરો છો? મા વગરના ભાઈને તમે મૅટ્રિક સુધી તો ભણાવ્યો. એ કંઈ ઓછું છે? હવે દુકાલુ નોકરી શોધી લે. આપણા ગામના ઘણા છોકરાઓ મૅટ્રીક પછી નોકરી કરે જ છેને!

હજારુ બોલ્યો : 'તારી વાત સાચી, પણ.... કૉલેજ કરે તો સાહેબ બની શકેને?'

ગુરુવારીથી હવે રહેવાયું નહિ.

તે વ્યંગમાં બોલી : 'ઓ હો! સાહેબના મોટાભાઈ જોયા ન હોય તો! એક વાત સમજી લો કે તમારો ભાઈ સાહેબ થશે તો પણ તમે તો ખેતમજૂરના ખેતમજૂર જ રહેવાના છો.'

હજારુ બોલ્યો : 'હું ભલે ખેતમજૂર રહું, મારો ભાઈ તો સાહેબ બની સુખેથી રહેશેને.'



હવે ગુરુવારીએ ચોખ્ખું સંભળાવ્યું – 'તો મારી વાત કાન ખોલી બરાબર સાંભળી લો! ભાઈને સાહેબ બનાવવાની વાત ભૂલી જાઓ! આપણાં બાળકો નહોતાં ત્યાં લગી આ ભલે ચાલ્યું, પણ હવે તમારાં પંડનાં છોકરાંઓને ભણાવીગણાવી સાહેબ બનાવવાનો વિચાર કરો!'

થોડીવાર ચૂપ રહી હજારુ બોલ્યો – 'હું એમ કહેતો હતો કે....'

આગળ હજારુ શું કહેશે તે ગુરુવારી જાણતી જ હતી. પણ ન જાણતી હોય તેમ તેણે પૂછ્યું – 'શું કહો છો ?'

'હું વિચાર કરું છું કે બે વીઘાં જમીન –'

પતિ તેની વાત પૂરી કરે તે પહેલાં ગુરુવારીએ જ કહ્યું : 'મને ખબર છે, તમારો ડોળો એ જમીન પર છે. મૂળે આપણી પાસે જમીન ઓછી છે, અને જે છે તે વેચીને તમારે તમારા ભાઈને સાહેબ બનાવવો છે, તો પછી મારાં છોકરાં ખાશે શું ?'

'કેમ, મજૂરી કરીને હું શું તમને નહિ ખવડાવું ? અત્યારે શું એ જમીન પર જ આપણું નભે છે ? શું હું મજૂરી કરતો નથી ?' એકીશ્વાસે હજારુ બોલી ગયો.

ગુરુવારીએ સાફ શબ્દોમાં કહી દીધું : 'ભાઈ માટેનો પ્રેમ મેલો બાજુએ ! જમીન વેચીને, મજૂરી કરીને ભાઈને ભણાવીને સાહેબ બનાવવાનાં સપનાં જોવાં છોડો ! જ્યાં સુધી ભાઈ સાહેબ બન્યો નથી ત્યાં સુધી એ તમને મોટાભાઈ મોટાભાઈ કરશે, પછી જેવો સાહેબ બની ગયો કે તમારા મોં પર લાત મારશે.'

હજારુ ગુરુવારીને બરાબર ઓળખે છે. તે આખાબોલી છે. જે કંઈ એને મનમાં આવે તે બોલી દે છે અને દુકાલુ કંઈ એનો મા–જણ્યો ભાઈ નથી, માત્ર દિયર છે. હજારુ જેવો વિચાર તેને કેવી રીતે આવે ? તે ચૂપ રહ્યો.

થોડાં વર્ષો પછી.

ભણીગણીને દુકાલુ ખરેખર સાહેબ બની ગયો અને મોટાભાઈને ભૂલી ગયો.

ગુરુવારીએ કહ્યું -- 'જોયું ને, હું શું કહેતી હતી ? તમારા સાહેબ ભાઈના ઘેર તમે ખબર પૂછવા ગયા હતા ને કેટલું માન દીધું એણે ?

દૂધપાક પૂરી જમાડ્યાં કે નહિ ? હવે આ નાની ઝૂંપડી શા સારુ બાકી રાખી છે ? તેયે વેચી કાઢો ને તે રૂપિયાથી ભાઈને હજુ મોટો સાહેબ બનાવો.'

હજારુએ કહ્યું : 'તું સાચું કહેતી હતી... મા - જણ્યો ભાઈ છે, પણ... છોડ હવે. આપણી સામે ન જુએ તો કંઈ નહિ, તે સુખેથી રહે એટલે બસ !'

ગુરુવારીએ કહ્યું : 'હા, ભાઈ હા ! મા જેમ દીકરાના સદ્‌ગુણો યાદ કરીને રડે તેમ તમે પણ રડ્યા કરો.'

દરમ્યાન ઘણાં વર્ષો વીતી ગયાં.

દુકાલુ હવે સાહેબનો મોટો સાહેબ બન્યો છે.

હજારુએ પણ મહેનત કરી થોડી વધારે જમીન ખરીદી છે. કેનાલનું પાણી ખેતર સુધી આવતું હોવાથી એ વર્ષના બે-ત્રણ પાક લે છે. બન્ને છોકરાઓને સ્કૂલે મોકલી ભણાવે છે.

અચાનક એક દિવસ હજારુને દુકાલુનો એક પત્ર મળ્યો. દુકાલુએ લખ્યું હતું – 'તરત જ દશ હજાર રૂપિયા મોકલો. ઑફિસમાં ભરવાના છે. રૂપિયા તરત જ નહિ ભરાય તો મારી નોકરી જતી રહેશે. માટે ગમે તેમ કરીને મોકલો. હું પાછા આપી દઈશ.'

પત્ર વાંચી હજારુ બોલ્યો : 'હું....... હું , હું પાછા આપી દઈશ.' હું તને આપું તો તું પાછા આપશેને !'

હજારુ પત્ર વાંચે તે પહેલાં ગુરુવારીએ તે પત્ર પોતાના દીકરા પાસે વંચાવ્યો હતો. હવે તે બોલી : 'ગમે તેમ પણ તમે મોટાભાઈ છો... કેટલી આશા સાથે છોકરાએ તમને પત્ર લખ્યો છે.'

હજારુ ગુસ્સામાં બોલ્યો : 'ના, હું તેનો કોઈ સગો નથી. હું તેનું મોઢું જોવા નથી માંગતો. હું તેના ઘેર ગયો ત્યારે એ ઘેર હતો છતાં તેણે પટાવાળા જોડે મને કહેવડાવ્યું કે સાહેબ ઘેર નથી. હું શું તેની

પાસે ભીખ માંગવા ગયો હતો ? હવે મારે તેનું મોં નથી જોવું.'

ગુરુવારીએ કહ્યું – તમારો મા જણ્યો ભાઈ આજે મુસીબતમાં છે. તમે એને મદદ નહિ કરો તો કોણ કરશે ? તમે મોટાભાઈ છો. ગુસ્સો થૂંકી નાખો. મારી વાત માનો, મારાં બધાં ઘરેણાં વેચી દો. ઘરમાં ડાંગર, મગ જે કંઈ છે તે બધું વેચી દો. જરૂર પડે તો એક ખેતર પણ ગીરવે મૂકી દો. પણ દુકાલુની નોકરી બચાવો.'

હજારુ નવાઈ પામી ગુરુવારીના મોં સામે તાકી રહ્યો. તેની આંખો સામે અત્યારે તેની પોતાની માનું મોં તરવા લાગ્યું.

□

3

## *પૂર્ણબંધમાં માછલીનો ઉછેર

અચાનક ગામમાં જાણે વીજળી પડી.

અડધી રાતે આઠ, દશ કે પંદર ઘોડા ગામના એક છેડેથી બીજે છેડે દોડી ગયા.

ફટાપાલિ ગામનો ચોકીદાર ટેંકારુ ગામ છેડે આવેલા તેના ઘરમાં રહેતો હતો.

ટેંકારુએ કહ્યું, 'મેં મારી સગી આંખે જોયું છે.' દશપંદર ઘોડા એકી સાથે ધૂળ ઊડાડતા દોડતા હતા.'

પદ્મે કહ્યું, 'મેં પણ અવાજ સાંભળ્યો હતો. ઘોડાઓએ પગે ઘૂઘરા પહેર્યા હતા. ઘમ્ ઘમ્ અવાજ કરીને દોડતા હતા. હું ખૂબ ડરી ગયો હતો.'

પણ કંદર્પ સાત ચોપડી ભણેલો હતો. આજકાલનો છોકરો તે વળી આવી વાત માને ખરો?'

કંદર્પે પૂછ્યું : 'અચ્છા ટેંકારુકાકા તમે તો તમારી નજરે ઘોડાઓને દોડતા જોયા છે, તો જરી કહેશો એ ઘોડાઓની પીઠ પર કોણ સવાર હતું?'

ટેંકારુને આવો સવાલ કોઈએ કદી પૂછ્યો ન હતો. તે જે કંઈ કહે તે ગામના લોકો માની લેતા એટલે કંદર્પનો આવો સવાલ સાંભળી તે જરા ગભરાયો.

---

*પૂર્ણબંધ ગામના તળાવનું નામ છે.

તે બોલ્યો, 'તું આ કેવો સવાલ પૂછે છે ? ઘોડા દોડતા ગયા ત્યારે હું વરંડામાં ઊંઘતો હતો. ઘોડાના ડાબલાઓનો અવાજ સાંભળીને ઊઠ્યો ત્યારે તો ઘોડા ઘણે દૂર જતા રહેલા. ખાલી ધૂપની સુગંધ આવતી હતી. ભગવાનના સોગન' જૂઠું નહિ બોલું. ઘોડાની પીઠ પર કોણ સવાર હતું તે હું જોઈ શક્યો નથી.'



ગામનો સરપંચ છાલબછો જ્યોતિષી તરીકે આખા પરગણામાં પંકાય છે. ગમે તેટલી હઠીલી લાંબી માંદગી હોય પણ ફૂં કરીને ફૂંક મારી દરદીને એ સાજો કરી દે છે. આજુબાજુના કોઈ ગામમાં કોઈ સ્ત્રીને બાળક ન થતું હોય ત્યારે છાલબછો પોતાના ઘરમાં બેસી મંત્ર ભણે એટલે વાત પતી ગઈ સમજો. સો સો રૂપિયા ખર્ચતાં જે રોગ મટે નહિ તે રોગ એક કૂકડો પાંચ કીલો ચોખા, પાંચ પાવલી અને

એક બાટલી દારુ લઈ છાલબછો મટાડી દે છે.

પણ છાલબછો જો કોઈવાર કોઈપર ગુસ્સે થયો તો પછી પેલાનું આવી બન્યું!

પેલે દિવસે છાલબછાએ ગુસ્સામાં આવી કએરાને એવો ફસાવ્યો કે કએરો બસ આંબલીના ઝાડ પર ચઢે અને ઊતરે, ચઢે અને ઊતરે! છેવટે જ્યારે આખા ગામના લોકોએ છાલબછાની માફી માગી ત્યારે છાલબછાએ તેને છોડ્યો.

એટલે જ તો ગામના લોકો છાલબછાને જેટલું માન આપતા તેનાથી વધારે તેઓ તેનાથી ડરતા.

ગઈ ચૂંટણીમાં અચાનક છાલબછાને સરપંચ બનવાનું મન થયું. બીકનું માર્યું કોઈ તેની સામે ઊભું રહ્યું નહિ, અને છાલબછો બિનહરીફ સરપંચ બન્યો.

પંચની બેઠકમાં છાલબછો અફીણના નશામાં દીવાલને અઢેલીને ઝોકાં ખાતો બેઠો હતો. ટેંકારુએ ઘોડા દોડતા જતા જોયા, એ વાત સાંભળી પોતાની બન્ને લાલચટક આંખો પટપટાવી એ બોલ્યો : 'તું બચી ગયો' ટેંકારુ' તું ખરો બચી ગયો. તારી સામે જો ઘોડા આવ્યા હોત તો તેના પર સવાર થયેલી સાત બહેનો તને કાચો ને કાચો ખાઈ ગઈ હોત!'

અચાનક ભયનું મોજું પસાર થઈ ગયું. ત્યાં બેઠેલાં બધાં બીકથી થથરી ગયાં.

બીક થોડી ઓછી થઈ એટલે ટેંકારુએ પોતાનાં ડાબા હાથે બાંધેલું તાવીજ દેખાડી કહ્યું : 'આ જુઓ તે દિવસે છાલબછાએ મને આ તાવીજ આપ્યું, ત્યારે જ હું રાત્રે ગામની ચોકી કરવા જઈ શક્યો.'

આ સાંભળી છાલબછાના મોં પર ગર્વનું સ્મિત ફરક્યું. તેની કાતરા જેવી મૂછો ઊંચીનીચી થવા લાગી.

તે દિવસે ફટાપાલિ ગામનાં નાનાં બાળકથી માંડીને ઘરડા ડોસા સુધીનાં બધાંને ખબર પડી ગઈ કે ગઈ કાલે રાત્રે પૂર્ણબંધની સાત બહેનો ઘોડાપર સવાર થઈને ગામની ગલીઓમાં ફરતી હતી.

પણ તે સાત બહેનો તળાવના પાણીમાંથી નીકળી ગામની ગલીઓમાં ફરવા આવી કેમ ?

કોઈના મનમાં હવે જરીયે શંકા રહી નહિ કે કંદર્પે પૂર્ણબંધની સાત બહેનોને છંછેડી છે. સરપંચ છાલબછાએ ના પાડી છતાં કંદર્પે યુવકસંઘના કિશોરોને ભેગા કરીને પૂર્ણબંધમાં માછલી ઉછેરવાનું શરૂ કર્યું હતું.

સાંજે ગામના માંડવા નીચે પંચ બેઠું.

છાલબછાએ કહ્યું : 'ભાઈઓ, તમે બધા જાણો છો કે હું તો શરૂઆતથી જ આ વાતનો વિરોધ કરતો રહ્યો છું કે પૂર્ણબંધમાં માછલી-ઉછેર નહિ થઈ શકે, પણ મારી વાત કોણ સાંભળે ? સાત બહેનો હવે ગુસ્સે થઈ છે. હવે શું થશે.' ભગવાન જાણે.'

સોનાકર બોલ્યો : 'છાલભાઈ સાચું કહે છે' સાત બહેનો ખિજાઈ છે. પકવો માછલાં ! પણ ખાશે કોણ ? લોકો કોઈ જીવશે તો ખાશે ને ?'

સભામાં જેટલા લોકો હતા તે બધાએ સંમતિસૂચક હોંકારો ભણ્યો.

ત્યાં જાહેર કરવામાં આવ્યું કે આજથી પૂર્ણબંધમાં માછલાં ઉછેરવાનું બંધ! જે હુકમ નહિ પાળે તેને સાત બહેનો ભરખી જશે.

કંદર્પ ખૂબ મૂંઝાયો.

સાત બહેનોની વાત સાંભળી યુવકસંઘના અડધા યુવકો પક્ષ છોડી જતા રહ્યા. કંદર્પે એમને ઘણું સમજાવ્યા, પણ કોઈએ માન્યું નહિ.

છેલ્લે એકએક કરતાં યુવકસંઘના બધા જ સભ્યો જતા રહ્યા. તો પણ કંદર્પ હિંમત હાર્યો નહિ.

તેણે કહ્યું : 'ભલે તમે બધા જતા રહો, હું એકલો માછલાં ઉછેરીશ.

દરરોજ રાતે ગામની ગલીમાં ખાટલો નાખી સૂઈશ. ભલે મને સાત બહેનો ખાઈ જતી!'



ખરેખર કંદર્પ એકલા હાથ પૂર્ણબંધમાં માછલી ઉછેરવા લાગ્યો. ગામની ગલીમાં ખાટલો નાખી ઊંઘે. છાલબછો જાતે તેને સમજાવવા ગયો, પણ કંદર્પ પોતાના સંકલ્પમાં અડગ રહ્યો, ચળ્યો નહિ.

*

આ વાત ભલે તમારા માન્યામાં ન આવે, પણ અમારા માટે એટલી

જ સાચી છે. ફટાપાલિ ગામની સ્કૂલના ચાર પાકા ઓરડા આ માછલી-ઉછેરના પૈસામાંથી બન્યા છે. એ માટે બધાં કંદર્પ અને તેના યુવકસંઘનાં વખાણ કરે છે.

□

## 4

# ઈંજેક્શન

ગામમાં કેનાલનું પાણી આવ્યા પછી હરિ કુમરાના ખેતરમાં વર્ષમાં બે-ત્રણ પાક લેવાય છે. તેણે જ્યારે નવી-નવી ખેતી શરૂ કરી ત્યારે મુશ્કેલીથી ઘરનો ખર્ચ નીકળતો હતો. ઘેર લગ્નપ્રસંગ હોય ત્યારે તો દેવું કરવું પડતું. હવે પરિસ્થિતિ બદલાઈ છે. હરિ કુમરો ખાઈ-પી, પહેરી-ઓઢીને બે પૈસા બચાવે છે. પોતાના દીકરા નકુલને ગામની સ્કૂલમાં મેટ્રિક કર્યા પછી શહેરમાં કૉલેજ કરવા મૂક્યો છે.

હરિ કુમરાને તો મોટા દીકરા ભીમને પણ ભણાવવાનું મન હતું. પણ ત્યારે ગામમાં માત્ર પ્રાઈમરી સ્કૂલ હતી, હાઈસ્કૂલ નહોતી. ખેતીની આવક પણ તે વખતે જોઈએ તેવી હતી નહિ. એટલે તેને ન ભણાવાયો પણ હવે નકુલને શહેરમાં ભણવા મોકલ્યો. સાત ધોરણ ભણ્યા પછી ભીમ હવે ખેતીમાં મદદ કરે છે. હરિ કુમરાના કામનો અડધો ભાર તેના ખભે છે.

નકુલ કૉલેજમાં ભણે છે, તો પણ ગામને અને ઘરને ભૂલ્યો નથી. રજા પડે કે તરત જ તે ગામમાં આવી જાય છે અને બાપા અને ભાઈને ખેતીમાં મદદ કરે છે. ખેતરમાં હળ ચલાવતાં એ શરમાતો નથી.

આ વખતે રજાઓમાં નકુલ ઘરે આવ્યો હતો, પણ એકાએક ત્રણચાર દિવસ પછી તેને તાવ આવ્યો. ધાણી ફૂટે તેવો તાવ! શરીર આખું ધ્રૂજ્યા કરે.

જુવાન દીકરાને તાવમાં તરફડતો જોઈ ઘરનાં બધાં બી ગયાં.

116896
8/12/04

આટલા તાવમાં નકુલ બધાંને કહેતો કે 'આ તો મેલેરિયા છે. બીવાનું કંઈ કારણ નથી. તાવ ઉતરશે એટલે હું જાતે રંગિયા-ટિકરા' ગામના દવાખાને જઈ દવા લઈ આવીશ.

પણ હરિ કુમરાએ દીકરાની વાત કાને ધરી નહિ. તેને થયું કે હવે જમાનો બદલાઈ ગયો છે. રોગ પણ જાતજાતના થાય છે.

તેણે મોટા દીકરા ભીમને ખેતરેથી બોલાવ્યો અને કહ્યું : 'જા ભાઈ, તાલપાલિ ગામના ઝૈનુ વૈદ્યને સાઈકલ પર બેસાડી લઈ આવ. ઝૈનુ આજકાલ સૂજા આપે છે. એક જ સૂજામાં તાવ-બાવ ગાયબ.

'સૂજા એટલે સોય, ઈન્જેક્શન.'



નકુલે આ સાંભળ્યું : તેણે કહ્યું, 'ખોટી ઉતાવળ ન કરો, તાવ

ઊતરશે નહિ તો હું બસમાં રંગિયાટિકરા જઈ દવા લઈ આવીશ.'

પણ હરિ કુમરાએ કોઈની વાત સાંભળી નહિ, આખો વખત બબડ્યા કરે કે આજકાલ કોઈ વાતનો ભરોસો નહિ.

ભીમ ખૈનુ વૈદ્યને લઈ આવ્યો, ત્યારે રાત પડી ગઈ હતી. વૈદે નકુલની નાડ તપાસી કહ્યું : 'ત્રણ સૂજાથી સારું થઈ જશે.'

બિચારો નકુલ હવે શું કરે ? ઈન્જેક્શન લેવા એ માંડ માંડ બેઠો થયો.

ખૈનુએ કહ્યું : 'બેઠા થવાની જરૂર નથી. આ જરા ભારે સૂજા છે. સૂતાંસૂતાં લે, નહિ તો દુખશે.'

નકુલ જાતે સૂવે તે પહેલાં હરિ કુમરાએ તેને સુવાડી દીધો અને આંખો મીંચવાનું કહ્યું. ઈન્જેક્શન આપી જતાંજતાં વૈદ્ય કહેતો ગયો કે 'ભારે સૂજા આપ્યું છે, જરી દુખશે, માટે રાત્રે બે-ત્રણ વાર મીઠાની પોટલીઓનો શેક કરજો, હું સવારે આવી ફરી તપાસીશ અને ફરી સૂજા આપીશ.'

ફી લઈને ખૈનુ વૈદ્ય જતો રહ્યો.

હરિ કુમરા અને તેની પત્ની આખી રાત દીકરા પાસે બસી રહ્યાં. નકુલ દુખતું નથી એમ કહેતો છતાં તેમણે ઈન્જેક્શન આપ્યું હતું તે હાથ પર વારંવાર શેક કર્યો. એમ કરતાં નકુલ ઊંઘી ગયો. સવારે નકુલના શરીરમાંથી તાવ ઊતરી ગયો. દીકરાના શરીર પરથી પરસેવો લૂછતાંલૂછતાં હરિ કુમરાની પત્ની બોલી : 'ગમે તે કહો, ખૈનુ વૈદ્યના હાથમા જશ છે.'

સવારે ઊઠી નકુલ દાતણ કરવા માટે ઊભો થયો, અચાનક એણે જોયું કે ઓશીકું તો લોહીથી લાલલાલ છે.

લોહી જોઈ તે બી ગયો. હાથ, કાન, બધે જોયું. ક્યાંય લોહીનો ડાઘ નથી. આટલું બધું લોહી ક્યાંથી આવ્યું ? માને બોલાવીને ઓશીકું

બતાવ્યું. લોહીની વાત સાંભળીને ઘરનાં બધાં ભેગાં થઈ ગયાં.

ભીમ સાયકલ લઈને ઊપડ્યો અને તરત જ ખૈનુ વૈદ્યને સાઈકલ પર બેસાડી લઈ આવ્યો.

બધી તપાસ કરી ખૈનુ વૈદ્યે હરિ કુમરાને ઓરડાની બહાર લઈ જઈ ફૂસફૂસ કરી કાનમાં કહ્યું, 'કાલે રાતે અહીં આવતાં ચશ્માં સાથે લાવવાનું હું ભૂલી ગયો હતો. અંધારામાં ન સૂઝવાથી સૂજા આપતી વખતે સોય નકુલના હાથમાં ખોસવાને બદલે મેં ઓશીકામાં ખોસી દીધી હતી. કોઈને આ વાત કહેશો નહિ.'

હરિ કુમરા અવાચક બની ખૈનુ વૈદ્યના મોં સામે તાકી રહ્યો હતો. ઓશીકાને ઈંજેક્શન દેવાયાની વાત સાંભળી બધા હો હો કરીને હસવા લાગ્યા.

પણ નકુલ સાજો થઈ ગયોને!

□

## 5

# ખૈનુદાદા

ખૈનુદાદા પોતાના પૌત્ર ટિકનુને સાથે લઈને નીકળ્યા હતા. ઘણા દિવસથી ટિકનુએ શહેર જોવાની જીદ પકડી હતી. 'હા, ભાઈ હા, લઈ જઈશ તને!' એમ કહીને દાદા એને પટાવતા. પણ એને કદી લઈ જતા નહિ. કારણકે શહેરમાં દાદાને હજાર કામ પતાવવાનાં હોય અને કામ પતે ત્યાંતો પાછા ફરવાની બસનો વખત થઈ ગયો હો. પછી પૌત્રને શહેર દેખાડવાનો વખત ક્યાંથી લાવવો?

ખૈનુદાદા કોર્ટે ચડવાના વિરોધી. તેમણે ક્યારેય કોઈ પર કેસ કર્યો નથી. પણ આજુબાજુનાં ગામમાં કોઈને પણ કોર્ટમાં કેસ કરવો પડ્યો હોય તો એ પહેલો દાદા પાસે આવે.

શા માટે ન આવે? વકીલ રોકવાથી માંડી સાક્ષી પુરાવા ખોળી લાવવા વગેરે બાબતમાં દાદા જાતે એની સાથે જાય. આવા કામમાં દાદાનું અઠવાડિયું પસાર થઈ જાય; તે પછી બ્લોક ઓફિસ, તહસિલદાર ઓફિસ, બેન્ક વગેરેનાં કામમાં બીજું અઠવાડિયું નીકળી જાય. આમ દાદા પોતાના પૌત્રને કદી શહેર દેખાડી શકતા નહિ.

દાદાની આવી સેવાભાવનાના કારણે ગામના લોકો તેમને માન આપે છે. તેમનાથી ડરે છે પણ ખરા. ડરવાનું કારણ જાણે એમ કે અનેક કેસની બાબતમાં માથું મારીને દાદા એવા પાવરધા થઈ ગયા હતા કે કાયદાની કલમો તેમને મોઢે થઈ ગઈ હતી. તેઓ ધારે તો કોઈની પણ ઉપર વગર કારણે કેસ ઠોકી દઈ શકે. પછી તમે કોર્ટના ધક્કા

ખાધા કરો.

એટલે ગામના લોકો ખૈનુદાદાને મનમાં ભલે ગાળો દે, પણ એ સામા મળે તો નમસ્તે કરે જ, બસ, દાદા ખુશ! બધે જ કહેતા ફરે કે ગામના લોકો મને ખૂબ માન આપે છે.

આજે ટિકનુ ખૈનુદાદાની પાછળ એવો પડ્યો કે દાદા તેને લઈને શહેર જવા નીકળ્યા, પણ નીકળતાં જ અપશુકન. ગામના પાદરે વડ નીચે એક કલાક બસની રાહ જોવી પડી. વળી, બસ પણ એવી ભરાઈને આવી હતી કે દાદાને બેસવાની જગ્યા મળી નહિ, ધક્કામુક્કીમાં ઊભા રહેવું પડ્યું.

હજુ તકલીફ પડવી બાકી હશે, એટલે શહેર હજુ બે કિલોમીટર દૂર હતું ત્યાં બસ અચાનક ઊભી રહી ગઈ. કંડકટરે કહ્યું : 'આજે ચેકીંગ છે, બસ આગળ જશે નહિ.'

આ સાંભળી દાદાના મગજનો પારો ચડી ગયો.

દાદાએ કહ્યું : 'કંડકટર સાહેબ, તમારી રોડની પરમીટ કેન્સલ થઈ જશે, એની બીક છે કે નહિ ?'

કંડકટરે હસીને કહ્યું :'દાદા, એ બીકે જ બસ અહીં ઊભી રાખી છે.'

'એટલે ?' કોર્ટમાં વકીલ ઉલટ તપાસ કરે તેમ દાદાએ પૂછ્યું.

કંડકટર બાબુએ કહ્યું : 'આગળ ચેકીંગ છે.'

દાદા ગુસ્સે થઈ બોલ્યા : 'ચેકીંગ છે, એટલે બસ જાય નહિ એ કેવું ? તમારી પાસે શું રોડ-પરમીટ નથી ?'

કંડકટર બાબુ કંટાળીને બોલ્યા : 'દાદા, તમે એક વાત સમજી લો, તમારા જેવા મફતિયા મુસાફરના કારણે જ અમારે દંડ ભરવો પડે છે.'

એક તો દાદા ગુસ્સામાં હતા, હવે વધારે ગુસ્સે થયા. તેમણે

વકીલની ભાષામાં તીર ફેંક્યું. પૂછ્યું, 'હું મફતિયો મુસાફર છું તેનો તમારી પાસે કયો પુરાવો છે ?'

કંડકટર બાબુ હવે ગુસ્સા પર કાબુ રાખી શક્યા નહિ.

તેણે કહ્યું : 'જાવ, પુરાવો કોર્ટમાં માગજો ! જે કરવું હોય તે કચેરીમાં જઈને કરજો !'

દાદાને તેમની આખી જિંદગીમાં કોઈએ આવી રીતે કચેરીનો રસ્તો ચીંધ્યો ન હતો. તેમણે મનમાં ને મનમાં ઈંટનો જવાબ પથ્થરથી આપવાનું નક્કી કર્યું. કહ્યું 'ઠીક હૈ, હમ ભી તુમકો દેખ લેંગા.'

દાદાની આવી ટપાટપી જોઈ પૌત્ર ટિકનુ ચિંતામાં પડી ગયો કે દાદા મને શહેર દેખાડવા લાવ્યા છે અને વાત કોર્ટ-કચેરીની કરે છે !'

દાદાનો હાથ ખેંચી ટિકનુએ કહ્યું : 'દાદા, ચાલો જઈએ. બધાં લોકો ઊતરીને જતા રહ્યા.'

શહેરમાં પહોંચી રીક્ષા પકડી દાદા સીધા વકીલને ઘેર જવા નીકળ્યા. ટિકનુએ કહ્યું, 'દાદા, બીજીવાર આવો ત્યારે વકીલને ત્યાં જજોને.'



પણ દાદા તો ગુસ્સાથી લાલપીળા થઈ ગયા હતા. તેમણે કહ્યું : 'ચૂપ રહે! પહેલું કામ પેલી બસની પરમીટ કેન્સલ કરાવવાનું છે. તે પછી

હું જાતે તે રસ્તા પર એક બસ ફરતી કરીશ. ચાલ, ચાલ મારી જોડે.'

બિચારો ટિકનુ હવે શું કરે ? એ ચૂપચાપ રીક્ષામાં બેસી રસ્તાની બન્ને બાજુ જોવા લાગ્યો.

વકીલસાહેબને ત્યાં જઈ દાદાએ બધી વાત કરી.



પૂરી વાત સાંભળ્યા પછી વકીલે કહ્યું, 'તે બસની પરમીટ કેન્સલ કરાવવાનું અઘરું નથી, પણ જરા દમથી લડવું પડશે. કારણ એ બસવાળો એક માલદાર અને વગવસીલાવાળી પાર્ટી છે.

દાદાએ કહ્યું : 'વકીલસાહેબ, ખર્ચની ચિંતા ન કરો. પણ ગમે તેમ કરીને એની પરમીટ કેન્સલ કરો. પછી હું એ રસ્તાપર બીજી બસ

ફરતી કરીશ.'

વકીલ સાહેબે, કંઈ વિચાર કરીને કહ્યું, 'ઠીક, તો લાવો ટિકીટ.'

'ટિકીટ ?' નવાઈ પામી દાદાએ પૂછ્યું.

વકીલસાહેબે કહ્યું : 'તમે જે બસમાં બેસીને આવ્યા તે બસની ટિકીટ આપો.'

દાદા અચકાતાંઅચકાતાં બોલ્યા : 'અમારા ગામે બસ આવી ત્યારે એમાં એટલી બધી ભીડ હતી કે ઊભા રહેવાની પણ જગ્યા ન હતી; ગમે તેમ ધક્કા-મુક્કીમાં ઊભો રહીને આવ્યો છું. ટિકીટ કઢાવવાનો મને વખત જ મળ્યો નથી.'

વકીલસાહેબ હસીને બોલ્યા : 'ઠી........ક, તો હવે બીજા કોઈ રૂટ પર તમારી બસ ફરતી કરજો!'

દાદા કંઈ સમજ્યા નહિ, અને વકીલસાહેબના મોં સામે જોઈ રહ્યા.

વકીલસાહેબે હસતાંહસતાં કહ્યું : 'અરે સાહેબ, એક તો તમે વગર ટિકીટે મુસાફરી કરો છો અને સામેથી પાછા તેની પરમીટ કેન્સલ કરાવવાની વાત કરો છો! જાવ જાવ, ઘરભેગા થઈ જાઓ.'

દાદા વિલાયેલા મોંએ વકીલસાહેબના ઘરની બહાર આવ્યા અને પૌત્ર ટિકનુને કહેવા લાગ્યા. 'હું ખરું કહું છું, ટિકનુ, તે બસવાળાની પરમીટ કેન્સલ કરાવીને જ હું જંપીશ.'

પાછા ફરતાં રીક્ષામાં બેઠા પછી ટિકનુએ કહ્યું : 'દાદા, તમે તો કહેતા હતા કે બધા વકીલો કાયદા કાનૂનની કલમો વિષે તમારી સલાહ લે છે. પણ આજે મેં તો કંઈ જુદું......'

ખેનુદાદાએ ટિકનુની વાત પૂરી થવા દીધી નહિ એને ધમકાવતાં કહ્યું, 'ચૂપ બદમાસ, તને કોઈ કાળે હવે શહેરમાં સાથે નહિ લાવું!'

□

6

## સાહેબ દીકરો

વૈશાખ મહિનાની બપોરની વાત છે. માથું ફાડી નાખે તેવા તાપમાં નાનકડા રેલવે સ્ટેશન પર હળધર પહોંચ્યો ત્યારે પાંચ-સાત લોકો જુદાજુદા ઝાડ નીચે બેઠા હતા. હળધર પણ પસીનો લૂછતાંલૂછતાં એક જાંબુના ઝાડ નીચે બાંકડા પર બેઠો.



ગાડી આવવાનો વખત થયો તેમ ભીડ પણ ધીમેધીમે વધતી ગઈ. શીંગવાળા, પાનવાળા વગેરેની બૂમો સંભળાવા લાગી. બે-ત્રણ છોકરાઓ જાંબુ વીણી ખાવા લાગ્યા. તે જોઈ હળધરને પણ બે-ચાર જાંબુ મોંમાં નાખી તરસ છીપાવવાની ઈચ્છા થઈ. પણ શરમ આવી. હું ભોંય પડેલાં જાંબુ લઉં તો લોકો શું કહેશે?

નજીકમાંથી પસાર થઈ રહેલા પાનવાળાને બોલાવી હળધરે પાન ખરીદ્યું. ત્યાં તો બીજા એક સાહેબ તેની પાસે આવી બેઠા. હળધરે તે સાહેબ માટે પણ પાનનો ઑર્ડર આપ્યો. પણ તે સાહેબ પાન ખાતા ન હતા, તેથી તેમણે ના કહી.

થોડીવાર ચૂપચાપ બેઠા પછી રૂમાલથી મોં લૂછતાં તે સાહેબે હળધરને પૂછ્યું : 'અહીં પાણીની સગવડ નથી?'

હળધરે કહ્યું : 'પીવાનું પાણી' – એવું તો પેલી કેબીન પર લખ્યું છે. તેની અંદર કેટલાંક માટલાં પણ દેખાય છે. પણ પાણી આપવાવાળો કોઈ હાજર નથી.'

સાહેબ કંઈ બોલ્યા નહિ. ચૂપચાપ બેસી રહ્યા.

ત્રણ વાગે પાણીવાળાએ આવી કેબીન ખોલી. તેને જોતાંની સાથે જાણે આખા પ્લેટફૉર્મના લોકો તેને ઘેરી વળ્યા.

હળધર પણ ત્યાં જઈ પહોંચ્યો. પણ ત્યાંની ગિર્દી અને પાણીવાળા ડોસાનો ચીડિયો સ્વભાવ જોઈ હતાશ થઈ એ પાછો હટ્યો.

હળધરની પાછળ ઊભેલા એક ગામડિયા માણસે એને કહ્યું– 'સાહેબ, ઊભા રહો, પાણી પીને જ જજો. આ પાણીવાળા ડોસાની જીભ છે જ એવી! પણ તે સારો માણસ છે.'

તરસથી ગળામાં શોષ પડતો હતા. હળધર પાણીની રાહ જોતો ઊભો રહ્યો. તેની આગળના પંદરવીસ જણાએ પાણી પી લીધા પછી હળધરનો વારો આવ્યો. હળધરે માટલા પાસે પડેલો પ્યાલો માંગ્યો.

ડોસાએ કહ્યું – 'હં....... સાહેબ, પેન્ટશર્ટ પહેરીને શહેરમાંથી પધાર્યા છો. પેન્ટ પર પાણીના છાંટા પડશે તો ગંદુ નહિ થાય?'

આગળ જવાબ આપ્યા વગર હળધરે પાણી પીવા માટે ખોબો ધર્યો.

પાણી ખૂબજ ઠંડું હતું. પેટભરી ઠંડું પાણી પીધા પછી રૂમાલથી હાથ-મોં લૂછતાંલૂછતાં આવી તેણે પેલા જોડીદાર સાહેબને કહ્યું, 'સરસ

મજાનું ઠંડુ પાણી છે.'

પણ તે સાહેબ ભીડની બીકે પાણી પીવા ગયા નહિ.

થોડીવાર પછી પાણીની કેબીનની સામેની ભીડ ઓછી થઈ ગઈ. હવે હળધરની બાજુમાં બેઠેલા સાહેબ પાણી પીવા ગયા.

તે સાહેબ પાણીવાળાની કેબીન સામે થોડીવાર ઊભા રહ્યા. પછી તેમણે હાથ જોડીને પાણીવાળા ડોસાને નમસ્કાર કર્યા. પાણીવાળો ડોસો સામા નમસ્કાર કરવાને બદલે નવાઈ પામી તેમને જોઈ રહ્યો. તેને સમજાયું નહિ કે આ શહેરી કોટ-પેન્ટવાળા સાહેબ તેને શા માટે નમસ્કાર કરે છે.

સાહેબે હસતાંહસતાં પાણી પીવા માટે ખોબો ધર્યો.

પણ પાણીવાળા ડોસાએ હવે પ્યાલો કાળજીથી ધોઈ સાફ કરીને પ્યાલામાં એમને પાણી આપ્યું. પાણી પીને સાહેબ પાછા આવ્યા. પછી હળધરને પોતાની બેગ સાચવવાનું કહી સાહેબ ટિકીટ કઢાવવા ગયા.

કદાચ પાણીવાળો ડોસો એમના પર બરાબર નજર રાખી રહ્યો હશે. પાણી આપવાનું બંધ કરી એ દોડીને હળધર પાસે આવ્યો ને પૂછવા લાગ્યો – 'પેલા સાહેબ કોણ છે?'

હળધરે કહ્યું : 'હું ઓળખતો નથી. પણ તમારે એમનું કંઈ કામ છે?'

પાણીવાળાએ કહ્યું : 'ના, ના, મારે કંઈ કામ નથી. પણ.... એ કોઈ મોટો સાહેબ હોય તેવું લાગે છે.'

ત્યાં તો સાહેબ પાછા આવ્યા.

પાણીવાળા ડોસાએ હાથ જોડી તે સાહેબને કહ્યું : 'મારી ભૂલ થઈ ગઈ. .....આપ આટલા મોટા સાહેબ છો, હું આપને ઓળખી શક્યો નહિ.'

મલકાતાંમલકાતાં સાહેબ બોલ્યા : 'મને ઓળખી ના શક્યા એમાં તમે કયો મોટો ગુનો કરી નાખ્યો?'

પાણીવાળાએ કહ્યું : 'હજૂર, હું મામૂલી પાણીવાળો! અને આપે મને નમસ્કાર કર્યા... હું પાપમાં પડ્યો!'

સાહેબે પાણીવાળા ડોસાનો હાથ પકડી કહ્યું : 'જુઓ, તમે મારા પિતાની વયના છો. મારા બાપા પણ ગામમાં મજૂરી કરતા હતા. શેઠિયાને ત્યાં દૂબળા તરીકે રહી મને ભણાવતા હતા.'

પાણીવાળાના મોંએથી હવે શબ્દો નીકળ્યા નહિ. એની આંખો છલકાઈ આવી હતી.



સાહેબે ફરી કહ્યું : 'તમે ચિંતા ન કરો! વયમાં મોટા હોય તેમને નમસ્કાર કરવાથી પુણ્ય હાંસલ થાય છે. હું એ કેમ જવા દઉં?'

આંખમાં આવેલાં આંસુ લૂછી પાણીવાળા ડોસાએ કહ્યું : 'સાહેબ, મારા દીકરાને પણ મેં અહીં કુલીકામ કરીને ભણાવ્યો છે. પણ ભણીને સાહેબ બનેલા મારા એ દીકરાએ કદી મારા મોં સામે જોયું નથી કે આ ગામની ધરતી પર તેણે પગ મૂક્યો નથી!'

□

# 7

## ગુરુદક્ષિણા

તે દિવસે બસમાં ખૂબ ભીડ હતી. ઊભા રહેવાની પણ જગ્યા નહિ. નવધન ગમે તેમ ધક્કામુક્કી કરીને બસમાં ચઢ્યા. તરત જ જોરદાર ઝાટકા સાથે બસ ઊપડી. તે ઝાટકાથી બસના બધા મુસાફરોને ઝાટકો લાગ્યો. નવધનને થયું કે બસવાળાની આ એક સમાજવાદી પ્રવૃત્તિ લાગે છે. ગમે તેટલી ભીડ હોય તો પણ બધાં માટે થોડીથોડી જગ્યા થઈ જાય. છૂત-અછૂતનો ભેદ રહે નહિ.

નવધન એક નિવૃત્ત સ્કૂલશિક્ષક છે. એ દીકરીના લગ્નનું નક્કી કરવા જઈ રહ્યા હતા. ઘણી દોડાદોડી કર્યા પછી એક છોકરા જોડે ગોઠવાયું હતું. છોકરો માસ્તર છે. તેમની દીકરી પણ બી. એડ્. કરી માસ્તરાણી બની છે. કોઈ રીતે લગ્ન ઊકલી જાય તો નવધનના માથેથી ભાર ઊતરે.

નવધનનો સંસાર ઘણો મોટો હતો. ચાર દીકરા અને બે દીકરી.

*પહંડી વખતે ભગવાન ઝૂલતાંઝૂલતાં આ બાજુ પેલી બાજુ થતા જાય તેવી રીતે ઉબડખાબડ રસ્તા પર દોડતી બસ યાત્રીઓને પહંડી કરાવતી લઈ જતી હતી. પણ ભીડના કારણે કોઈને પડવાનો ડર લાગતો ન હતો.

મોટી દીકરીના લગ્ન વખતે આટલી દોડધામ ખુશામત કે કરામત કરવી પડી ન હતી, કોઈને મૂરતિયો શોધવાનું કહેવું પડ્યું ન હતું.

* પહંડી એટલે જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાની રથયાત્રા.

તેમના સહકર્મી દુર્વાદલભાઈએ પોતાના દીકરા માટે સામેથી માંગું નાખ્યું હતું.

પણ જમાઈ મામૂલી ફોરેસ્ટર હતો. એટલે તેમની પત્ની જરી આનાકાની કરતી હતી. પણ નવધને તેને સાફસાફ સંભળાવી દીધેલું – 'માસ્તરની દીકરી માટે આઈ. એ. એસ. ઑફિસરનું માગું આવશે એમ માને છે ? એક વાત જરી સમજ, આ નોકરીબોકરી કંઈ મોટી વાત નથી. મોટી વાત તો છોકરાનું ચારિત્ર છે. ચારિત્રવાન છોકરા જોડે મેં છોકરીને પરણાવી છે.'

તે ફોરેસ્ટર જમાઈ આજે ડી. એફ. ઓ –ડિસ્ટ્રિક્ટ ફોરેસ્ટ ઑફિસર(જિલ્લા વનાધિકારી) છે. ઘેર બંગલો-ગાડી બધું છે. થોડાં વર્ષ પહેલાં નવધન જમાઈના નવા બંગલાના વાસ્તુ પ્રસંગે ગયો હતો. ત્યાં તેણે જે સાંભળ્યું તેનાથી તેનું માથું ઢળી ગયું હતું. એક શિક્ષકમિત્રે તેને કહ્યું કે તમારા જમાઈએ રૂશ્વતના પૈસાથી બંગલો બનાવ્યો છે. તે પછી નવધન કદીપણ જમાઇને ત્યાં ગયો નથી.

બીજી વાર આવી ભૂલ ન થાય એટલા માટે નાની દીકરી માટે તેણે માસ્તર જમાઈ શોધ્યો છે. અંદરખાને તેમની પત્નીને માસ્તર જમાઈ પસંદ પડ્યો નથી. પણ નવધનની સામે મોં ખોલીને એ કહી શકતી નથી. કારણ તેને બીક છે કે એવું કરવા જતાં પતિ મોટો જમાઈ લાંચિયો છે એવું કહેવાનો. પણ માસ્તર જમાઈ આટલો મોંઘો પડશે તેવું નવધન જાણતો ન હતો.

અચાનક બસમાં 'સાહેબ, નમસ્તે' સાંભળીને નવધને પાછળ ફરીને જોયું. નમસ્તે કરી રહેલા યુવાને નવધનને ઓળખ્યો હતો.

નવધને પાછળ ફરીને જોયું ત્યાં તો પોતાની સીટ પરથી યુવાન ઊભો થઈ ગયો હતો.

તેણે કહ્યું : 'સાહેબ, આપ અહીં બેસો.' કહી યુવાને પોતાની સીટ

તરફ આંગળી ચીંધી.

નવધન યુવાનને ઓળખી શક્યો નહિ. છેલ્લાં ચાલીશ વર્ષના શિક્ષણકાર્ય દરમ્યાન કંઈ કેટલાયે વિદ્યાર્થીઓ તેની પાસે ભણી ગયા હતા! રાજ્યના ગમે તે શહેરમાં, ગમે તે ઑફિસમાં જાઓ, ત્યાં નવધનની પાસે ભણેલો કોઈ ને કોઈ વિદ્યાર્થી તો ચોક્કસ હોય. એ લોકો જ્યારે મદદ માટે આગળ આવે છે ત્યારે નવધનની છાતી તૃપ્તિથી ભરાઈ જાય છે.

હસતાંહસતાં યુવાને નવધનને કહ્યું : 'સાહેબ, આપ મને નથી ઓળખી શક્યા. હું જુગલ, ઘણાં વર્ષ આપનો વિદ્યાર્થી હતો.'

નવધનને નામ યાદ આવ્યું, તેઓ સાંભળી રહ્યા.

હવે યુવાન બોલ્યો – 'સાહેબ, મેં પહેલાં આપને જોયા નહિ. આપ ક્યારના ઊભા હશો. હવે જરી આરામથી બેસો!'

ભીડમાં સીટ મળી અને બેસવાનું સુખ મળ્યું એના કરતાં આટલા દિવસ પછી એક વિદ્યાર્થી તેમને ઓળખીને આટલું માન આપે છે એ વાતથી નવધનને વધારે આનંદ થયો.

આગળ જતાં બસ ખાલી થઈ ગઈ. નવધનની બાજુમાં બેઠેલા સાહેબ પણ ઊતરી ગયા. નવધને જુગલને ત્યાં બેસવા બોલાવ્યો. તે પછી જુગલ કંઈ પૂછે તે પહેલાં તેમણે જ દીકરીના લગ્નની વાત કાઢી અને દહેજ માટે બાપદાદાનું ઘર વેચવા કાઢ્યું છે એ પણ કહ્યું.

જુગલે પૂછ્યું : 'સાહેબ, ઘર વેચી નાખશો પછી તમે રહેશો ક્યાં ?'

મ્લાન હસી નવધને કહ્યું : 'હું ગમે ત્યાં ગમે તેમ પડી રહીશ, પણ દીકરી તો સુખેથી રહેશે.'

થોડીવાર ચૂપ રહ્યા પછી જુગલે ફરી પૂછ્યું, 'સાહેબ, આપે તો કહ્યું ને છોકરી માસ્તર છે!'

નવધને હસવાનો પ્રયત્ન કરી થોડીવાર બારીબહાર નજર કરી, પછી

કહ્યું : 'જમાનો બદલાયો છે. ભાઈ, આદર્શને પકડી રાખી લગ્નબજારમાં નીકળીએ તો છોકરીને ઘેર બેસાડી રાખવા વખત આવે!'

જુગલ મનમાં કંઈ ગણગણતો હોય તેમ બોલ્યો : 'તો શું દહેજ માટે રહ્યુંસહ્યું ઘર પણ વેચી નાંખશો ?'

નવધન ફરી હસ્યા! તેમણે કહ્યું 'જુગલ, જમાનો બદલાયો છે. ભાઈ! જમાના જોડે કદમ મિલાવી ન ચાલું તો દુઃખી થાઉં!'

જુગલ ઉશ્કેરાઈને બોલ્યો : 'નહિ, સાહેબ, તમે ઘર વેચશો નહિ.'

જુગલનો ઉશ્કેરાટ શાંત કરવા તેની પીઠ પર હાથ ફેરવી નવધને કહ્યું – 'જુગલ, મારા ભાઈ, ઉશ્કેરાઈશ નહિ, તું મારો જૂનો વિદ્યાર્થી છે' એટલે મારા માટે તને લાગણી થાય એ સ્વાભાવિક છે, પણ તે છોકરાની જગ્યાએ તું હોત તો તું પણ તેની જેમ દહેજ માગત!'

બસ સ્ટેન્ડપર પહોંચી ગઈ હતી. ડ્રાઈવરે ગાડીને જોરથી ઘૂમાવી ઊભી રાખી. બીજાઓની જોડે નવધન પણ ગાડીમાંથી ઊતર્યા. ગાડી ઊભી રહી કે તરત જ જુગલ ઊતરીને એક રીક્ષા બોલાવી લાવ્યો : 'સાહેબ' ચાલો.'

નવધને કહ્યું : 'જુગલ, તું જા, તારા ઘરનું સરનામું જરી આપતો જા. મને વખત મળશે તો વળતાં તારે ઘરે આવી જઈશ.'

પણ જુગલ સહેલાઈથી છોડે તોને!

તેણે કહ્યું : 'સાહેબ, તમે ભાવગ્રાહી બાબુને ત્યાં જવાના છોને! તે રસ્તામાં જ આવે છે. તમને ત્યા મૂકીને હું ચાલી જઈશ. ચાલો, સાહેબ!'

નવધન પરાણે રીક્ષામાં બેઠા. આગળ જતાં ભાવગ્રાહી બાબુનું ઘર આવ્યું. રીક્ષા થોભાવી જુગલ પહેલો નીચે ઊતર્યો. પછી કહે : 'આવો, સાહેબ. આ જ ભાવગ્રાહીબાબુનું ઘર છે.' કહેતાં કહેતાં નવધનની બૅગ પકડી એ ઘર તરફ ચાલ્યો.

ડરથી નવધનબાબુની છાતી થથરી ઊઠી. મહામુશ્કેલીએ છોકરો મળ્યો છે, હવે આ જુગલ જો ભાવગ્રાહીબાબુની જોડે તકરાર કરશે તો મુશ્કેલી ઊભી થશે.

ભયમિશ્રિત અવાજે નવધને બૂમ પાડી : 'જુગલ ભાઈ, મારી વાત સાંભળ જરી.'

જુગલે પાછા ફરી જોયું.

નવધને કાકલૂદી ભરી વિનંતી કરી– 'જુગલ, ભાઈ, તું તારે ઘેર જા! મારે જે વાતચીત કરવી હશે તે હું કરીશ. ભાવગ્રાહીબાબુ ખૂબ સારા માણસ છે, મારી વાત સમજશે ને......'

જુગલ હસીને બોલ્યો : 'સાહેબ, આ જ મારું ઘર છે.'

'તારું ઘર?' નવાઈ પામી નવધને કહ્યું.

જુગલે કહ્યું : 'જી, હા, હું ભાવગ્રાહીબાબુનો દીકરો જુગલ છું. આપે હવે ઘર વેચવું નહિ પડે.'

જુગલે જોયું તો નવધનબાબુની આંખોમાં આંસુ તગતગી રહ્યાં હતાં. આનંદના અતિરેકમાં નવધને જુગલને બાથમાં લઈ લીધો.

□ □ □

Indian Institute of Advanced Study
116896
8/12/04
SHIMLA

શ્રી શરતચંદ્ર બેહેરા 'ઉડિયા' ભાષાના જાણીતા લેખક છે. તેમણે બાળકો માટે ઘણી સુંદર રચનાઓ કરી છે. આ નાનકડી પુસ્તિકા તેનો નમૂનો છે. બાળકોને રસ પડે તેવા પ્રસંગોની તેઓ પસંદગી કરી શકે છે, અને તેને સહજ સરળ ભાષામાં આલેખી એક મનોહર કૃતિ ઉપસાવી શકે છે.

આ પુસ્તિકામાં સંગ્રહાયેલી વાર્તાઓ મનોરંજનની વાર્તાઓ ન બની રહેતાં બાળકના ચિત્ત પર ઉચ્ચ જીવનમૂલ્યોની સમજણની સ્થાપના કરી જવાની શક્તિ ધરાવે છે. 'રણજિતસિંહની આંખો' સર્વધર્મીઓ પ્રત્યે સમાનભાવે જોવાનું કહે છે. 'ગુરુદક્ષિણા'માં દહેજના દૂષણની ભયાનકતા દર્શાવી છે. તે સાથે નિષ્ઠાવાન શિક્ષક પ્રત્યે વિદ્યાર્થીના ચિત્તમાં કેવો પૂજ્ય ભાવ પેદા થાય છે તે બતાવ્યું છે. 'પૂર્ણબંધમાં માછલીનો ઉછેર' વાર્તામાં ગામડાંની ખટપટો અને વહેમોનું દર્શન થાય છે. 'ઈંજેક્શન' વાર્તામાં ગામડામાં તબીબી સહાયની કેવી ઊણપ છે અને કેવા ઊંટવૈદો લોકોને ધૂતે છે તે બતાવ્યું છે. 'હજારુ અને દુકાલુ'ની વાર્તામાં ગામડિયો મોટોભાઈ નાનાભાઈ માટે કેટલી હદે ત્યાગ કરે છે તે તેમજ આધુનિક શિક્ષણમાં માનવીને અમાનવીય બનાવવાનું તત્ત્વ રહેલું છે તે બતાવ્યું છે.

Ranjitsinghani Ankho (Gujarati); Rs. 30

ISBN 81-260-0444-4

Library IIAS, Shimla
GJ 028.5 B 395 R
00116896

સાહિત્ય અકાદેમી ૨૨ ભાષાઓમાં પુસ્ત
મોટી પ્રકાશન સં